# કેન્સરના દર્દીઓને રેડિયો એક્ટિવ સારવારમાં વધુ સુવિધા મળશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં આરોગ્ય વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવાયા મહત્વપૂર્ણ નિર્ણયો : સાયક્લોટ્રોન ફોર ન્યુક્લિયર મેડિસીનનો પ્રોજેક્ટ દોઢથી બે વર્ષમાં પૂર્ણ થશે

ગાંધીનગર, તા.૯

ધ ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈસ્ટિટ્યુટમાં સાયક્લોટ્રોન પ્રોજેક્ટ શરૂ કરવા માટે રાજ્ય સરકારે ૭૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં મળેલી આરોગ્ય વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય ઉપરાંત આરોગ્ય સેવાઓના સંદર્ભમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા. આ સાયક્લોટ્રોન પ્રોજેક્ટ અંતર્ગત રેડિયો એક્ટિવ પદાર્થનું ઉત્પાદન કરવામાં આવશે અને તેનો ઉપયોગ યુટિલિટી બિલ્ડિંગની અંદર કેન્સરના રોગના નિદાન તેમજ સારવાર માટે થઈ શકશે. ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ ખાતે આ પ્રોજેક્ટ શરૂ થવાથી વધુ પ્રમાણમાં ઉત્પાદન ક્ષમતા સાથે જ્યારે જોઈએ ત્યારે રેડિયો એક્ટિવ પદાર્થ મળી શકશે. એટલું જ નહીં, દર્દી-દીઠ તપાસમાં પણ ઓછો ખર્ચ આવશે. આ સાયક્લોટ્રોન પ્રોજેક્ટ અને તેની સુસંગત વ્યવસ્થા માટે ૧૦૦૦ સ્ક્વેર મીટર જગ્યાની જરૂરિયાત સાયક્લોટ્રોન બંકર બનાવવા તથા બેઝમેન્ટ સહિત પાંચ માળના યુટિલિટી બિલ્ડિંગ નિર્માણ માટે ૧૦૦૦ સ્ક્વેર મીટર જગ્યાની જરૂરિયાત રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સમગ્ર પ્રોજેક્ટનું પ્રેઝન્ટેન્શન આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે કર્યુ હતું. આ સાયક્લોટ્રોન ફોર ન્યુક્લિયર મેડિસીનનો પ્રોજેક્ટ અંદાજે બે વર્ષની અવધિમાં પૂર્ણ થશે.



આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે કહ્યું કે, હાલની સ્થિતિએ ઈન્સ્ટિટ્યુટમાં ન્યુક્લિયર મેડીસીન વિભાગનું પોતાનું સાયક્લોટ્રોનના હોવાને કારણે વર્ષે દિવસે લગભગ ૪ હજાર જેટલા દર્દીઓને જ લાભ મળે છે.

# ત્રણ દિવસમાં સિંગતેલમાં ડબ્બા પર રૂા.૧૦૦નો વધારો

રાજકોટ, તા.૯

સીંગતેલના ભાવમાં વધારો થવાનું યથાવત છે. સીંગતેલના ભાવમાં સતત ત્રીજા દિવસે વધારો થયો છે. ત્રણ દિવસમાં સીગતેલમાં ડબ્બે ૧૦૦ રૂપિયાનો ભાવ વધારો થયો છે. સીંગતેલના ડબ્બાનો ભાવ વધતા ગૃહિણીઓ બજેટ ખોરવાતા પરેશાન થઈ ગઈ છે. સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે સીંગતેલના ભાવ વધતા મધ્યમ વર્ગની મુશ્કેલી વધી રહી છે. ગત વર્ષે પણ સીંગતેલના ભાવ આસમાને પહોંચ્યા હતા. મગફળી અન કપાસની આવક ઓછી હોવાના કારણે પણ તેલના ભાવ વધ્યા છે. સીંગતેલ સિવાય અન્ય તેલના ભાવમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી. આજે સતત ત્રીજા દિવસે સીંગતેલમાં ભાવ વધતા હવે સીંગતેલના ડબ્બાનો નવો ભાવ રુપિયા ૨૮૬૦થી વધીને રુપિયા ૨૯૬૦ થયો છે. ત્રણ જ દિવસમાં ૧૦૦ રુપિયાનો વધારો થતા સામાન્ય લોકોનું બજેટ ખોરવાઈ ગયું છે. સતત ભાવ વધારાને કારણે સીંગતેલનો ડબ્બો ફરી એકવાર ૩ હજારની નજીક પહોંચ્યો છે.

છેલ્લા ત્રણ દિવસથી સીંગતેલમાં ભાવ વધવાથી સીંગતેલના ભાવમાં ફરી એક વખત ઉછાળો જોવા મળ્યો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર હાલ મગફળી અને કપાસની આવક યાર્ડમાં ખુબ જ ઓછી છે. આ ઉપરાંત રાજ્યમાં કમોસમી વરસાદ પડ્યો છે. આ કમોસમી વરસાદને કારણે ઉનાળુ પાકને મોટા પાયે નુકસાન થયુ છે. આ કારણે સીંગતેલમાં ભાવ વધારો જોવા મળી રહ્યો છે.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશીયપરંપરાના તૃતીય વારસદાર સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાની ૧૫૬ મી પ્રાગટ્ય જયંતીની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.

# ૧૨ મેએ પ્રધાનમંત્રી એક દિવસ ગુજરાતની મુલાકાતે

## ગિફ્ટ સિટીની મુલાકાત : મહાત્મા મંદિર ખાતે વિવિધ લોકાર્પણ કાર્યક્રમો

ગાંધીનગર, તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ મેના રોજ એક દિવસ ગુજરાતની મુલાકાત આવવાના છે. પ્રધાનમંત્રી મોદી ગિફ્ટ સિટીની મુલાકાત લેશે તેમજ ગાંધીનગરમાં વિવિધ કંપનીઓના CEO અને યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોને પણ મળશે તેમજ શિક્ષક સંઘના કાર્યક્રમમાં હાજરી આપશે.



વડાપ્રધાન મોદી ૧૨ મેના રોજ મહાત્મા મંદિરમાં વિવિધ લોકાર્પણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે તેમજ સાંજે ગિફ્ટ સિટી પાસે અન્ય એક કાર્યક્રમમાં પણ હાજરી આપશે તેમજ બપોરે ૨ કલાક રાજ ભવનમાં અલગ અલગ બેઠકો કરશે. વધુમાં તમને જણાવી દઈએ કે, ૧૯૪૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૪૨ હજાર આવાસોનું લોકાર્પણ કરાવશે. ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે ૧૨ અને ૧૩ મેના રોજ પ્રાથમિક શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશન યોજવા જઈ રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીના હસ્તે શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશનને ખુલ્લું મુકવામાં આવશે. પ્રાથમિક શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશનમાં શિક્ષક સંઘ સાથે જોડયેલા સમગ્ર દેશના શિક્ષકો હાજર રહેશે. આપને જણાવી દઈએ કે, દેશના વિવિધ રાજ્યમાં દર ૨ વર્ષે અધિવેશનનું આયોજન કરવામાં આવે છે. આ વખતે ગાંધીનગર ખાતે આ અધિવેશનનું આયોજન કરાયું છે.

# રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા સાથી એપ્લીકેશન લોન્ચ કરાઈ

અમદાવાદ, તા.૯

વર્લ્ડ રેડ ક્રોસ રેડ ક્રેસેન્ટ ડે અને વર્લ્ડ થેલેસેમીયા ડે ની ઉજવણીના ભાગરૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા સાથી એપ્લીકેશન લોન્ચ કરાઈ. કાર્યક્રમનાં મુખ્ય મહેમાન પદે રેમ્યા મોહન, આઈએએસમીશન ડાયરેક્ટર, નેશનલ હેલ્થ મિશન હાજર રહ્યા હતાં. અતિથી વિશેષ તરીકે ડો. રાજેશ ગોપાલ, નિયામક, જીએસસીબીટીતેમજ અજય પટેલ - ચેરમેન ગુજરાત રેડ ક્રોસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં થેલેસેમીક બાળકો તથા તેમનાં માતા-પિતાને મુંઝવતા પ્રશ્નોનાં નિરાકરણ અને થેલેસેમિયા સારવાર માટે અઘતન સારવાર પધ્ધતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા. થેલેસેમીયા મેજર બાળકોને તજજ્ઞ ડોક્ટર્સ મારકતે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તૈયાર કરવામાં આવેલ થેલેસેમીયા સાથી એપ્લીકેશનનું લોન્ચીંગ કરવામાં આવ્યુ. જેમાં ગુજરાતનાં ૪૦ જેટલા તજજ્ઞ હિમેટોલોજીસ્ટ, પીડીયાટીશ્યન, ગાયનેકોલોજીસ્ટ, ફીઝીશ્યન, જીનેટીશ્યન તથા જીનેટીક કાઉન્સેલર પેશન્ટસને જરૂરી માર્ગદર્શન પુરુ પાડશે.

# અમદાવાદની ૧૪૬મી જગન્નાથજીની રથયાત્રાના મામેરાની તૈયારીઓ શરૂ

## આગામી સમયમાં ભગવાનનું મામેરૂ ભરવામાં આવશે ત્યારે પ્રથમ વખત રથયાત્રામાં એક કલરની સાડી અને કુર્તામાં ભક્તો જોવા મળશે

અમદાવાદ, તા.૯

ભગવાન જગન્નાથજીની રથયાત્રાના મામેરાને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વખતે ૧૪૬ મી રથયાત્રામાં ઘનશ્યામ પટેલ મામેરૂ ભરશે. મામેરાને લઈને અત્યારથી પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ૩ હજાર ૭૦૦ સાડી, ૧૦૦૦ ડ્રેસ અને ૭૦૦ કુર્તા પ્રસાદમાં આપવામાં આવશે. પ્રથમ વખત રથયાત્રામાં એક કલરની સાડી અને કુર્તામાં ભક્તો જોવા મળશે.

આ બાબતે ઘનશ્યામભાઈ પટેલે જણાવ્યું હતુ કે, ભગવાનનું મામેરૂ ભરવાની રાહ તો છેલ્લા ૧૦ વર્ષથી જોવાઈ રહી હતી. અને આ વખતે લક્કી ડ્રો સીસ્ટમ હતી. તે લક્કી ડ્રો માં એક દિકરીએ ચિઠ્ઠી ઉપાડી.

જેમાં મેઘાણી નગરના ભક્તો અને ભક્તિની દયાનાં હિસાબે ભગવાન જગન્નાથનું મામેરૂ મળેલું છે. મેઘાણીનગર, અસારવા, શાહીબાગની જાહેર જનતા અને તેમની ભક્તિના કારણે મેઘાણીનગરમાંથી પહેલી વખત મામેરૂ ભરવાનો લ્હાવો મળ્યો છે.

જેથી ભક્તો ખૂબ ખુશ છે. જેમ આપણા ત્યાં મામેરૂ હોય તો બહેન, દિકરી, ભાણીયાઓનું મામેરૂ ભરતા હોઈએ છીએ. તો આ સાડી બહેન દિકરીઓને પ્રસાદ રૂપે આપવામાં આવશે. આ સાડીઓ પહેલા જાહેરમાં ભગવાન પાસે મુકાશે. જે બાદ પ્રસાદ રૂપે એટલે કે ભગવાન તેઓની પણ પ્રગતિ કરાવે તેવી પ્રાર્થના સાથે આ સાડી,ઝભ્ભા, નાની દિકરીઓને આપવા માટે ૧૦૦૦ ડ્રેસ પણ લાવવામાં આવ્યા છે.

તેમજ નાના મોટા સેટ પણ લાવ્યા છીએ. પણ એ બધુ પ્રસાદ રૂપે આ ભગવાનનો પ્રસાદ છે. આ સાડીઓ પ્રસાદ રૂપે બહેન દિકરીઓને આપવામાં આવશે.

### જખૌના ૨૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં લોરેન્સના ૧૪ દિવસના રિમાન્ડ પૂર્ણ

# એટીએસ દ્વારા વધુ રિમાન્ડ ન માગતા લોરેન્સ બિશ્નોઈને કોર્ટે જેલ હવાલે કર્યો

અમદાવાદ, તા.૯

એટીએસએ વધુ રિમાન્ડની માંગણી ન કરતા નલિયા કોર્ટે ગેંગ્સ્ટર લોરેન્સ બિશ્નોઈને જેલ હવાલે કર્યો છે. લોરેન્સને બાય રોડ અમદાવાદની સાબરમતી જેલમાં લાવવામાં આવશે. જખૌના ૨૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં લોરેન્સના ૧૪ દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં આજે તેને કોર્ટમાં રજૂ કરાયો હતો. હવે અતીક બાદ વધુ એક મોટા ગેંગસ્ટરને અમદાવાદની સાબરમતી જેલમાં રાખવામાં આવશે.લોરેન્સ બિશ્નોઇ હાલ ગુજરાત એટીએસની કસ્ટડીમાં છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) તેમજ રિચર્સ એન્ડ એનાલિસિસ વિંગ (રો) તેની પૂછપરછ કરશે. ગુજરાત એટીએસસે જખૌના દરિયામાંથી પાકિસ્તાની બોટ ઝડપીને તેમાંથી અંદાજે ૨૦૦ કરોડનો ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો હતો. બોટમાંથી એટીએસને મોહમદ શફી, ઈમરાન, મોહસીન, જહુર, સોહેલ તથા કામરાનને ઝડપી લીધા હતા. જેમની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે ડ્રગ્સનો આ જથ્થો પાકિસ્તાની ડ્રગ્સ માફિયા અબ્દુલ્લાએ બલુચિસ્તાનના દરિયા કિનારેથી બોટમાં ભરાવ્યો હતો.આ ડ્રગ્સનો ઓર્ડર લોરેન્સ બિશ્નોઈએ આપ્યો હોવાનું પણ સામે આવ્યું હતું. આ તમામની તપાસમાં લોરેન્સ બિશ્નોઈની ડ્રગ્સકાંડમાં સંડોવણી હોવાનું સામે આવ્યું હતું.

જેને પગલે એટીએસ દ્વારા લોરેન્સ બિશ્નોઈની કસ્ટડી મેળવવામાં આવી હતી. પાકિસ્તાનથી ૨૦૦ કરોડનું ડ્રગ્સ મગાવવાનો તેના પર આરોપ છે. જેના પગલે ગુજરાત એટીએસએ લોરેન્સની કસ્ટડી લેવા પટિયાલાની એનઆઈએ કોર્ટમાં અરજી કરી હતી. એટીએસએ કરેલી અરજીને એનઆઈએની કોર્ટમાં મંજૂર કરતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. લોરેન્સની પૂછપરછમાં તેણે ઘણા ભેદ ઉકેલ્યા છે. જેના પર એટીએસ તપાસ કરી રહી છે. લોરેન્સ ગેંગના કેટલાક ટપોરીઓ અમદાવાદમાં પણ સક્રિય હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું છે જેને પગલે તેમના ઉપર પણ વોચ રાખવામાં આવી રહી છે.

હરિયાણા, દિલ્હી અને રાજસ્થાન સહિતનાં રાજ્યોમાં આતંક મચાવનાર લોરેન્સ બિશ્નોઈએ અભિનેતા સલમાન ખાન, મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના સંજય રાઉત, અભિનેત્રી રાખી સાવંત સહિત સુરતમાં પણ વેપારીઓને ધમકીઓ આપી છે.

## વિક્રમી ગરમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪૧.૪ ડીગ્રીએ રહ્યુ હતુ. જેના લીધે નગરજનોએ આકરી ગરમીની અસર અનુભવી હતી. શહેરમાં ગરમીનો પારો આજે વધુ ઉપર ચઢયો હતો. હવામાન તજજ્ઞોના મતે આમ પણ આ સપ્તાહમાં ગરમીનુ જોર વધવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે ત્યારે વાતાવરણ પલ્ટા બાદ ઉનાળાની મોસમ હવે ઉગ્ર બનતા ગરમી પ્રકોપ રોજબરોજ વધતો જાય છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો ૧.૪ ડીગ્રી ઉપર આવ્યો હતો જેના લીધે નગરમાં અત્યાર સુધી સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. આકરી ગરમીની અસર વાતાવરણમાં સવારથી જ અનુભવાતા નગરજનોને ગરમીએ જોર પકડયુ હોવાનો અંદાજ આવી ગયો હતો. જયારે બપોર થતા આકાશમાંથી અંગારા વરસ્યા હોય તેમ ચામડીને દાહ આપતા સુરજના કિરણોથી બચવા નગરજનોએ ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કર્યુ હતુ. છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ધીમે ધીમે ઉચકાઈ રહ્યુ છે. છેલ્લા ચાર દિવસમાં ગરમીનો પારો ૪.૮ ડીગ્રી ઉપર આવ્યો છે. વિકરાળ ગરમીની અસરથી સેકટરોની શેરીઓમાં પણ બપોરના સમયે સન્નાટો જોવા મળ્યો હતો. જયારે દિવસ દરમિયાન નગરના શોપિંગ બજારમાં પણ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી. ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત પણ ગરમીના લીધે કફોડી બની છે. આકરા ઉનાળે ઉઘાડ પગાને પગ રક્ષણ પુરુ પાડવા માટે નગરમાં સેવા સંસ્થાઓ પણ કામે લાગી છે. જયારે અબોલ પક્ષીઓ માટે પણ પક્ષી પરબનુ વિતરણ સહીતના ઉમદા કાર્યો હાથ ધરાયા છે. આ ઉપરાંત વટેમાર્ગુઓ માટે પણ મિનરલ પાણીની પરબ કાર્યરત છે. ગરમીએ હદ વટાવી છે મહત્તમ તાપમાન ધીમે ધીમે ૪૦ ડીગ્રીની નજીક આવ્યા બાદ છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર થઈ ગયો હતો જયારે આજે પણ સતત દોઢ ડીગ્રીના વધારા સાથે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ છે. હવામાન વિભાગના મતે હજુ આગામી પાંચ દિવસ આકરી ગરમી પડશે ગરમીનો પારો હજુ પણ ઉપર આવે તેવી સંભાવના છે. ત્યારે નાગરિકોએ હીટ વેવથી બચવા માટે જરૂરી તકેદારી રાખવી પણ અનિવાર્ય છે. જો કે ગરમીના અંતે હજુ વાતાવરણ પલ્ટાની પણ સંભાવના હોવાનુ હવામાન નિષ્ણાંતો જણાંવી રહ્યા છે.

## યલો એલર્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૪ મે સુધી રાજ્યના કેટલાક જિલ્લામાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસથી વધારે નોંધાવાની શક્યતા છે. દક્ષિણી અને પશ્ચિમી ભાગોમાં બપોરના સમયે અપેક્ષાકૃત ઝડપી પવન ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિકલાક ચાલવાની શક્યતા છે. હવામાન વિભાગે સોમવારે બાડમેરમાં મહત્તમ તાપમાન ૪૨.૧ ડિગ્રી તો પૂર્વી રાજસ્થાનના ટોંકમાં ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયુ.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અને જયપુર હવામાન કેન્દ્રના ડાયરેક્ટરે જણાવ્યુ કે ૧૪ મે સુધી પ્રદેશમાં કોઈ પ્રકારના વરસાદની શક્યતા નથી. એક ખૂબ કમજોર પશ્ચિમી વિક્ષોભ બની રહ્યુ છે. તેની કોઈ પણ અસર પ્રદેશમાં જોવા મળશે નહીં. હવે દક્ષિણ પશ્ચિમી વિસ્તારોમાં તાપમાન ૪૪ ડિગ્રી વધુ થવા જઈ રહ્યુ છે. દરમિયાન ત્યાં અને પૂર્વી રાજસ્થાનના કોટા વિભાગમાં હીટવેવનો પ્રકોપ રહેશે.

હવામાન અંગે પ્રદેશના ખેડૂતોની ફરિયાદ પણ દૂર થવા જઈ રહી છે. પ્રદેશમાં હવે લૂ નું વાતાવરણ રહેશે. આ કારણે હવે તરબૂચ અને શક્કરટેટીનો પાક સારો અને મીઠો થશે. આ સિવાય હવે ખેતરોમાં કીટ પણ ગરમીના કારણે મરી જશે. ખેડૂતોએ જણાવ્યુ કે એપ્રિલમાં પડતી ભીષણ ગરમીના કારણે ખેતરોમાં પડેલા કીટનો નાશ થઈ જતો હતો પરંતુ વરસાદના કારણે આવુ થઈ રહ્યુ નહોતુ પરંતુ હવે ૨૦ દિવસ સુધી એવી ગરમી પડવાની છે કે ખેતરોમાં કીટ બચશે નહીં. ખરીફ પાક અને મગફળીનો પાક પણ સારો થશે.

હવામાન વિભાગે જણાવ્યુ કે પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા ચક્રવાતની અસર રાજસ્થાન પર પડશે નહીં. તે અંડમાન થતા મ્યાનમાર અને બાંગ્લાદેશની તરફ ચાલ્યુ જશે. ૧૨ મે સુધી આ ચક્રવાતનો પ્રભાવ બંગાળની ખાડી અને ત્યાંથી કિનારાના વિસ્તારો પર પડશે. હાલ આ ચક્રવાતથી કોઈ મોટુ જોખમ નથી પરંતુ માછીમારોને એલર્ટ કરી દેવાયા છે.

# રખિયાલ અને મેઘરજમાં આરોપીને પકડવા ગયેલી પોલીસ ટીમો પર હુમલો

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરના રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ પર ગઈ કાલે તલવારો વડે હુમલો થતાં ચકચાર મચી ગઈ છે. રખિયાલમાં આવેલી ઈબ્રાહીમની ચાલીમાં રખિયાલ પોલીસની સર્વેલન્સ સ્ક્વોડની ટીમ આરોપીને પકડવા માટે ગઈ હતી. આરોપી નહીં મળી આવતાં પોલીસની ટીમ પરત ફરી હતી ત્યારે ચાર શખ્સો તલવાર લઈને આવ્યા હતા અને તમે અહીંયાં કેમ આવ્યા છો? તેમ કહીને હુમલો કરી દીધો હતો. પોલીસ પર હુમલો ચાલુ હતો ત્યારે એક શખ્સે પોલીસ કર્મચારીના માથામાં તલવાર મારી દીધી હતી. ગઈ કાલે રખિયાલ પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશનો ગુનો દાખલ થયો હતો, જેમાં પોલીસ આરોપીને પકડવા માટે ગઈ હતી.

જ્યારે અન્ય એક ઘટનામાં અરવલ્લી એસઓજીની ટીમ પર મેઘરજ તાલુકામાં હુમલાની ઘટના સામે આવી છે. અરવલ્લી પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ હથિયાર પરવાનાની તપાસ કરવા માટે મેઘરજ તાલુકાના ભૂવાલ ગામે પહોંચી હતી. જ્યાં પરવાના ચેક કરવા પહોંચેલી ટીમ પર હુમલો કરવાવામાં આવ્યો હતો. ૨ મહિલાઓ સહિત ૪ જણાએ પાંચ જેટલા પોલીસ કર્મીઓની ટીમ પર હુમલો કરી દીધો હતો. ઘટના બાદ મેઘરજ પોલીસે ફરીયાદ નોંધી આરોપીઓની ધરપકડ કરી છે.

જિલ્લામાં બેફામ બનેલા ગુનેગારો પર અંકુશ મેળવવા માટે પોલીસે રાત દીવસ એક કરી દીધો છે અને અસામાજીક તત્વો પર લાલ આંખ કરી છે. જોકે અરવલ્લીમાં ગુનેગારો પોલીસ પર પણ હુમલો કરતા ખચકાઈ રહ્યા નથી. આવો જ અનુભવ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ૫ પોલીસ કર્મીઓને થયો હતો.

## શહેરના સર્કલોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસ્થાઓના શીરે જ છે. જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા સમયાંતરે સંસ્થાઓને પત્ર લખી સર્કલોની દરકાર લેવાનુ યાદ કરાવામાં આવે છે. સામાન્ય રીતે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રોશનીથી સુશોભિત સર્કલોની સુંદરતા વિશેષ નિખરે છે. સર્કલોની સફાઈ, રંગરોગાન તેમજ નવુ પ્લાન્ટેશન તેમજ જરૂરી સમારકામ પણ કરવામાં આવે છે. પરંતુ ગત વર્ષ દરમિયાન વાઈબ્રન્ટ સમિટની ઉજવણી પણ થઈ નથી ત્યારે વારે તહેવારે સર્કલ તરફ કેન્દ્રીત થતુ ધ્યાન પણ હટી ગયુ છે. આવા સંજોગોમાં નગરના ઘ-૨ અને ઘ-૩ સર્કલને પણ નવેસરથી વિકસાવવા માટે પણ અનેકવાર સ્થાનિકોએ રજુઆત કરી છે. ઘ-૨ સર્કલને નવા થીમ પર વિકસાવીને વધુ આકર્ષક લુક આપવામાં આવે તેવી માંગણી પણ નવા સેકટરના રહીશો દ્વારા અગાઉ કરવામાં આવી હતી. જો કે હાલ સર્કલોની યોગ્ય જાળવણી ન થતી હોવાનુ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે ત્યારે થોડા સમય અગાઉ પણ તંત્ર દ્વારા જવાબદાર સંસ્થાઓને નોટીસ આપવામાં આવી હોવાનુ પણ જણાંવાયુ હતુ. શહેરમાં અનેકવાર અકસ્માતોના લીધે સર્કલોની ફરતે રેલીંગ કે પાળી તુટી જતી હોય છે પરંતુ લાંબા સમય સુધી તેનુ રીપેરીંગ પણ ન થતુ હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે સર્કલ વચાળે રખડતા ઢોર પણ ફરતા જોવા મળે છે. સર્કલોની સફાઈ પણ નિયમિત રીતે થતી નથી. શહેરમાં અંદાજિત ૨૬ જેટલા સર્કલોની જાળવણી માટે સંબંધિત સંસ્થાઓને અગાઉ જાણ કરવામાં આવી હતી જયારે સમય જતા આકર્ષણ ગુમાવતા નગરના સર્કલોને નવા થીમ પર વિકસાવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

## મોચા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પશ્ચિમ બંગાળ, ઓડિશા, કેરળ, કર્ણાટકના દક્ષિણ ભાગો, તમિલનાડુ, પુડુચેરી, આસામ, અરુણાચલ પ્રદેશ અને મેઘાલયના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૦ મેના રોજ ઝઅષ્ઠર્ક્ષહી ઈંષ્ઠરક્ર દક્ષિણપૂર્વ બંગાળની ખાડી, પૂર્વ મધ્ય બંગાળની ખાડી અને આંદમાન સમુદ્રની આસપાસના વિસ્તારોમાં તોફાનનું સ્વરૂપ લેશે. જેના કારણે ૧૨ મે સુધી મોટાભાગના સ્થળોએ મધ્યમ વરસાદ જોવા મળશે. ૯ થી ૧૧ મે દરમિયાન દરિયાકાંઠા અને સરહદી વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ દરમિયાન ૭૦-૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. બંગાળ અને ઓડિશા બંનેમાં આ વાવાઝોડાને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે એટલે કે ૯ મેના રોજ દેશની રાજધાની નવી દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી નોંધાઈ શકે છે.

આ દરમિયાન રાજધાનીમાં ભારે પવન ફૂંકાવાની સંભાવના છે. એજન્સી સ્કાયમેટ અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં એક કે બે જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. આંદમાન અને નિકોબાર ટાપુઓના દક્ષિણ ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. દક્ષિણપૂર્વ બંગાળની ખાડી અને આંદમાનના દરિયામાં સ્થિતિ ખૂબ જ ખરાબ રહેશે અને દરિયામાં મોજા ઉંચા ઉછળી શકે છે. તમિલનાડુ, દક્ષિણ અને તટીય કર્ણાટક, કેરળ અને મધ્ય મહારાષ્ટ્રના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સિવાય ઓડિશા, દક્ષિણ છત્તીસગઢ, મધ્ય ઉત્તર પ્રદેશ, લક્ષદ્વીપ, તેલંગણા, વિદર્ભ, મરાઠવાડા અને આંધ્રપ્રદેશમાં હળવો વરસાદ થવાની સંભાવના છે.

# સાવરકુંડલામાં દીપડાએ તો લીલીયા રેન્જમાં સિંહણે બાળકોનો શિકાર કર્યો

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં દિપડા અને સિંહને લઈને ખૌફનો માહોલ સર્જાયો છે. જંગલી જાનવરોએ બે બાળકોનો શિકાર કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. એક પરિવાર હાઈવે પાસે સુઈ રહ્યો હતો. વહેલી સવારે શિકારની શોધમાં આવેલી સિંહણે અચાનક પરિવારના પાંચ મહિનાના બાળક પર તરાપ મારી હતી અને માસૂમને જંગલ તરફ ખેંચીને લઈ ગઈ હતી. બીજી ઘટનામાં સાવરકુંડલામાં આંગણામાં રમતાં ત્રણ વર્ષના બાળકને દિપડો મોંઢામાં દબોચીને લઈ ગયો હતો. આ ઘટનાઓ બાદ વનવિભાગની ટીમ સક્રિય થઈ ગઈ હતી અને દીપડાને પાંજરે પુર્યો હતો પણ સિંહણની શોધખોળ ચાલુ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમરેલીના લીલીયા રેન્જમાં આવેલા ખારા ગુંદરણ સ્ટેટ હાઈવે નજીક એક પરિવાર સુઈ રહ્યો હતો અને વહેલી સવારે એક સિંહણ શિકારની શોધમાં આવી હતી. સિંહણે એક બકરીનો શિકાર કર્યો હતો. બકરીઓના અવાજથી આસપાસના લોકો સજાગ થઈ ગયા હતાં અને સિંહણ બકરીનું મારણ છોડીને એક પાંચ મહિનાના બાળક પર તરાપ મારીને જંગલ તરફના રસ્તે લઈને ભાગી ગઈ હતી. આ ઘટનામાં વનવિભાગને બાળકના શરીરના અવશેષો મળ્યાં હતાં. હાલમાં મૃતક બાળકના પરિવારના નિવેદન લેવાની કામગીરી શરૂ કરાઈ છે. તે ઉપરાંત મૃતકને વળતર ચૂકવવાની તજવીજ પણ હાથ ધરાઈ છે.

બીજી તરફ સાવરકૂંડલાના કરજાળા ગામની નજીકમાં પરિવાર હાજર હતો અને ત્રણ વર્ષનો બાળક રમી રહ્યો હતો. ત્યારે એક દીપડો અચાનક આવ્યો અને બાળકને મોંઢામાં દબાવીને ભાગી ગયો હતો. લોકોએ બાળકને છોડાવવા માટે દોડધામ કરી નાંખી હતી પણ દીપડાએ બાળકને મોતના મુખમાં ધકેલી દીધો હતો. આ ઘટનાની જાણ થતાં જ વનવિભાગે પાંજરા મુકીને દીપડાને પાંજરે પૂર્યો હતો.